દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૨૨ જૂન, ૨૦૨૬

# અલનીનોની અસર કોંકણ પ્રદેશ પર દેખાવા લાગી

મહારાષ્ટ્રના મહાડથી લઇને ગોવા પહેલાના માલવણના પ્રદેશને કોંકણ તરીકે ઓળખવામાં આવે છે. આ એવો પ્રદેશ છે કે, જ્યાં વર્ષોથી પાણીની કટોકટી જોવા મળતી નથી. અહીંના મહાડ, રાયગડ અને રત્નાગીરીના લોકો તો ઝરણાંનું વહેતું પાણી જ પીવાના ઉપયોગમાં લે છે. પરંતુ આ વખતે અહીં પાણીની કટોકટી શરુ થઇ ગઇ છે. જેનું કારણ અલનીનોને કારણે વરસાદ ખેંચાઇ ગયો છે તે માનવામાં આવી રહ્યું છે. અહીં છેલ્લા સાત દિવસથી પાણીની અછત વર્તાઇ રહી છે. કોઇના ડેમના તળિયા દેખાવા લાગ્યા છે. જેથી આ ડેમના પાણી પર આધારિત કેમિકલની ફેક્ટરીઓ બંધ થવા લાગી છે. તો બીજી તરફ જે ઝરણાંનું વહેતું પાણી છે તે ઉનાળાના કારણે થોડું ધીરુ વહે છે. જેના કારણે ગામડાઓના લોકો 20 લિટરના કેન લઇને લાઇનમાં ઊભા રહેવા માટે મજબૂર બની ગયા છે. અલનીનોની આ અસર કોંકણમાં દેખાઇ રહી છે તે સમગ્ર દેશમાં જોવા મળશે તેવું કહીએ તો પણ ખોટું નથી.

અલ નીનો એક પ્રાકૃતિક હવામાન ઘટના છે, જે પ્રશાંત મહાસાગરના મધ્ય અને પૂર્વીય ભાગમાં સમુદ્રના પાણીનું તાપમાન સામાન્ય કરતાં વધારે વધવાથી સર્જાય છે. આ ઘટના વિશ્વના વિવિધ દેશોના હવામાન પર અસર કરે છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં અલ નીનોની અસર ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે તે ચોમાસા અને કૃષિ ઉત્પાદનને સીધી અસર કરે છે. ભારતમાં કૃષિનો મોટો આધાર ચોમાસાના વરસાદ પર છે. અલ નીનોના વર્ષોમાં સામાન્ય રીતે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું નબળું રહે છે અને વરસાદનું પ્રમાણ ઘટે છે. પરિણામે દેશના ઘણા વિસ્તારોમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ ઊભી થઇ શકે છે. વરસાદ ઓછો પડવાથી ખેતી માટે જરૂરી પાણીની અછત સર્જાય છે, જેના કારણે પાકનું ઉત્પાદન ઘટે છે. ખાસ કરીને ચોખા, ઘઉં, કપાસ, શેરડી અને કઠોળ જેવા પાકો પર તેની નકારાત્મક અસર જોવા મળે છે. અલ નીનોના કારણે જળાશયો, તળાવો અને નદીઓમાં પાણીનું સ્તર પણ ઘટી જાય છે. જેના કારણે પીવાના પાણીની સમસ્યા ઊભી થઈ શકે છે. ગ્રામ્ય વિસ્તારોમાં લોકો અને પશુઓ માટે પાણીની અછત ગંભીર સમસ્યા બની શકે છે. ઘણા રાજ્યોમાં ભૂગર્ભ જળનો વધુ ઉપયોગ કરવો પડે છે, જેના કારણે પાણીના સ્તરો વધુ નીચે જાય છે. અલ નીનોની અસર માત્ર ખેતી પૂરતી મર્યાદિત નથી. વીજ ઉત્પાદન પર પણ તેની અસર થાય છે. ભારતમાં હાઇડ્રો પાવર પ્રોજેક્ટ્સ માટે પૂરતા પાણીની જરૂરિયાત રહે છે. વરસાદ ઓછો પડવાથી વીજ ઉત્પાદન ઘટી શકે છે અને વીજળીની અછત સર્જાઈ શકે છે. ઉદ્યોગો અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓ પણ તેની અસર હેઠળ આવી શકે છે. આર્થિક દૃષ્ટિએ પણ અલ નીનો દેશ માટે પડકારરૂપ બની શકે છે. કૃષિ ઉત્પાદન ઘટવાથી ખાદ્ય પદાર્થોની અછત સર્જાય છે અને બજારમાં ભાવવધારો થાય છે. મોંઘવારી વધવાથી સામાન્ય લોકોના જીવન પર અસર પડે છે. ખેડૂતોની આવક ઘટે છે અને તેમની આર્થિક સ્થિતિ નબળી બને છે. તેમ છતાં, અલ નીનોની કેટલીક હકારાત્મક અસરો પણ જોવા મળે છે. કેટલાક વિસ્તારોમાં અતિશય વરસાદ અને પૂરની સંભાવના ઘટે છે. તેમજ શિયાળાની ઋતુમાં કેટલીક જગ્યાએ તાપમાનમાં ફેરફાર થવાથી હવામાન વધુ અનુકૂળ બની શકે છે. જોકે, તેની હકારાત્મક અસરો કરતાં નકારાત્મક અસરોનું પ્રમાણ સામાન્ય રીતે વધુ હોય છે. ભારત સરકાર અને હવામાન વિભાગ અલ નીનોની આગાહી પર સતત નજર રાખે છે. આધુનિક ટેકનોલોજી અને ઉપગ્રહોની મદદથી તેની અસરનો અંદાજ લગાવવામાં આવે છે. ખેડૂતોને સમયસર માહિતી આપવામાં આવે છે જેથી તેઓ પાકની પસંદગી અને સિંચાઈની યોજના યોગ્ય રીતે બનાવી શકે. વરસાદી પાણીના સંચય, ટપક સિંચાઈ અને પાણીના કાર્યક્ષમ ઉપયોગ જેવી પદ્ધતિઓ અપનાવીને અલ નીનોની અસરને અમુક હદ સુધી ઓછી કરી શકાય છે. નિષ્કર્ષરૂપે કહી શકાય કે અલ નીનો એક વૈશ્વિક હવામાન ઘટના છે, જે ભારતના ચોમાસા, કૃષિ, જળસંપત્તિ અને અર્થતંત્ર પર નોંધપાત્ર અસર કરે છે. તેની અસરોથી બચવા માટે વૈજ્ઞાનિક આયોજન, પાણીનું સંરક્ષણ અને ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપવું ખૂબ જ જરૂરી છે. યોગ્ય તૈયારી અને જાગૃતિ દ્વારા અલ નીનોના નુકસાનને ઘટાડીને દેશના વિકાસને સુરક્ષિત રાખી શકાય છે.

## કથા કથન

***સ્વામી આનંદ (૮ સપ્ટેમ્બર ૧૮૮૭ - ૨૫ જાન્યુઆરી ૧૯૭૬) આપણા બહુ વિલક્ષણ ગદ્યકાર હતા. 'કુળકથાઓ', 'ધરતીનું લુણ', 'સંતોના અનુજ', 'નઘરોળ' જેવા અનેકે ગ્રંથોના લેખક સ્વામી આનંદ ગાંધીજીના સાથી અને સલાહકાર હતા ને ગાંધીજીના પ્રકાશનોનાં મેનેજર હતા.***

***મકરંદ દવે (૧૩ નવેમ્બર ૧૯૨૨ - ૩૧ જાન્યુઆરી ૨૦૦૫) કવિ, આધ્યાત્મ ચિંતક અને પત્રકાર પણ હતા. કુન્દનિકા કાપડિયાને પરણેલા મકરંદભાઈએ મુંબઈ રહ્યા પછી પ્રકૃતિ વચ્ચે રહેવાનો પ્રયોગ પણ કરેલો.***

***સ્વામી આનંદ અને મકરંદ દવે વચ્ચે ૧૯૫૫ થી ૧૯૭૫ વચ્ચે પત્રવ્યવહાર ચાલેલો અને ૩૦૦ જેટલાં પત્રો સામસામે લખાયેલા. એ પત્રોમાંથી હિમાંશી શેલતે ચયન કરી 'સ્વામી અને સાંઈ' નામે સંપાદન પ્રગટ કરેલું. હિમાંશીબેન પોતે વાર્તાકાર, નવલકથાકાર અને જીવનને અનેક ભૂમિકાથી જોનારા સાહસિક. એ પુસ્તકનું આ થોડી નોખી કરેલી ચિંતન કણિકા.***

જો સત્યને અનંત માન્યું તો પછી તેની ખોજને અને તેનાં દર્શન કે અનુભૂતિનાં વૈવિધ્યને છેડો ન હોય

**પૃ. ૪ - સ્વામી આનંદ**

ચમત્કાર અને આંતરઅનુભવ વચ્ચે હંમેશા વિવેક કરવો.

**પૃ. ૪. સ્વામી આનંદ**

માબાપની સેવા એ અડસઠ તીરથની જાત્રા છે એ અમસ્તું નથી કહ્યું એ તમને જિંદગીને પાછલે પહોર સમજાશે.

**પૃ. ૫ - સ્વામી આનંદ**

ગૂઢ આંતરિક અનુભવો માણસના વિકાસ અને ચરિત્રગઠનમાં ભલેબૂરો પણ ચોક્કસ ફાળો પૂરે છે એમાં શંકા નથી

**પૃ. ૨૭. સ્વામી આનંદ**

સૌનું ભલું કરજો, અમને કોઈના અવગુણ સામું જોવાડજો મા.

**પૃ. ૪૦. સ્વામી આનંદ**

સદા જાગૃતિ awareness એ એક જ માણસનું રક્ષાકવચ છે.

**પૃ. ૫૫ - સ્વામી આનંદ**

શરીરનો ટેક્સ આકરો અને તકાદો પઠાણી. ઊતરતી વયે એ બધું ય અંકે કરાવે, પણ અંદર ઘાટ પાકી ગયો હોય તો બહુ વાંધો આવતો નથી.

**પૃ- ૫૯. મકરંદ દવે**

માણસમાં જાતને છેતરવાની કમાલ capacity છે ને ભલભલા એના શિકાર સદાકાળ થતા જ હોય છે.

**પૃ. ૬૮ સ્વામી આનંદ**

આ જીવન અને જગતની પ્રત્યેક વસ્તુ અપાર રહસ્યથી પ્રભાતે છતી થાય છે ને ઊંઘ આવતાં અપાર રહસ્યમાં સમાઈ જાય છે.

**પૃ. ૭૦ મકરંદ દવે**

મૂરખ રોઈને ભોગવે ને જ્ઞાની હસીને, એટલો ફેર. દેહમાં રહી, દેહથી પર બિરાજવાની અવસ્થા પણ છે.

**પૃ. ૭૫ મકરંદ દવે**

કાચી કેરીની ખટાશને જ તપાવી તપાવી મીઠીમધ બનાવવાનો કિમિયો એ જાણે છે.

**પૃ. ૮૦ મકરંદ દવે**

આ સ્ટેજ પર એકના એક વેષે કાયમ તો કોઈને ઊભા રહેવાતું નથી. ગ્રીનરૂમમાં જવું પડે છે ને દિગ્દર્શક સાહેબના ઈશારે નાચવું પડે છે.

**પૃ. ૮૮ મકરંદ દવે**

અંતર્દષ્ટિ કે Eye of intuition ઊઘડ્યા વિના બધું ધબડકો.

**પૃ. ૮૯ મકરંદ દવે**

જિસ્મોદિલની હરેક બીમારી કે કોઈ પણ જિંદગીના સંચાના ખોટકાને સમો કરવા આ હ્યુમરનું ઓઈલિંગ સાદો અને અક્સીર ઈલાજ છે.

**પૃ. ૯૩ મકરંદ દવે**

આવેશ અભિનિવેશ કે તાત્કાલિક ચોટની તમ્મર હેઠળ કશું ન કરશો.

**પૃ. ૧૦૭ સ્વામી આનંદ**

## હું પૂછું, તમે કહો

**૧) નર્મદા નદીની પરિક્રમાનાં યાદગાર યાત્રાનિબંધ પુસ્તક લખનાર અમૃતલાલ વેગડને તેમના કયા પુસ્તક માટે કેન્દ્રિય સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર મળેલો?**

(ક) અમૃતસ્ય નર્મદા (ખ) સૌંદર્યની નદી નર્મદા

(ગ) પરિક્રમા નર્મદા મૈયાની (ઘ) રૂપાળી નદી નર્મદા

**(૨) કવિ-નિબંધકાર-વિવેચક જયંત પાઠક તેમની કવિતા ઉપરાંત જે સ્મૃતિકથા માટે ખૂબ જાણીતા હતા, જેને નર્મદસુવર્ણચંદ્રકનું સન્માન પણ મળેલું એ કૃતિનું નામ શું?**

(ક) શૂળી ઉપર સેજ (ખ) મૃગયા

(ગ) વસંતધર્મીનું વિદ્યામધુ (ઘ) વનાંચલ

**(૩) રમણભાઈ નીલકંઠનાં 'રાઈનો પર્વત' નાટક પરથી હસમુખ બારાડીએ 'રાઈનો દર્પણરાય' નાટક લખેલું તેમ બીજા એક લેખકે 'જાલકા' નાટક લખેલું. એ 'જાલકા' ના નાટ્યલેખક કોણ?**

(ક) સુભાષ શાહ (ખ) આદિલ મન્સૂરી

(ગ) રાજેન્દ્ર શુક્લ (ઘ) ચીનુ મોદી

**(૪) સૌરાષ્ટ્રનાં લોકસાહિત્યને યાદગાર બનાવનાર ઝવેરચંદ મેઘાણી નવલકથાકાર તરીકે પણ ખૂબ લોકપ્રિય રહેલા, અહીં તેમનાં ચાર કૃતિ - ગ્રંથના નામ આપ્યા છે તેમાં તેમની નવલકથા કઈ છે?**

(ક) સોરઠ, તારાં વહેતાં પાણી (ખ) સૌરાષ્ટ્રની રસધાર

(ગ) રઢિયાળી રાત (ઘ) સોરઠને તીરે તીરે

**(૫) એક સમયે દરેક લગ્નપ્રસંગે 'તને સાચવે પારવતી, અખંડ સૌભાગ્યવતી' ગીતની રેકોર્ડ વાગતી. એ ગીત કલ્યાણજી-આણંદજીએ લતા મંગેશકર પાસે ગવડાવેલું પણ એ ગીતનાં ગીતકાર કોણ જે જાણીતા ગઝલકાર પણ હતા?**

(ક) શયદા (ખ) કૈલાસ પંડિત

(ગ) બરકત વીરાણી 'બેફામ' (ઘ) શૂન્ય પાલનપુરી

**જવાબ**

૧-ખ, ૨-ગ, ૩-ગ, ૪-ક, ૫-ગ

# મનને ભીની, સુગંધિત કરતી વર્ષા પારિજાતની

'વર્ષા પારિજાતની' ડંકેશ ઓઝાના લલિત, પ્રવાસ, ચિંતનાત્મક અને વિચાર નિબંધોનો સંગ્રહ છે. આ નિબંધો ડંકેશ ઓઝાના વ્યક્તિત્વનો, તેમનામાં રહેલાં રૂપ-દર્શનનો, જગતના માણસો પ્રત્યેની ઉષ્માભરી નિસબતનો પરિચય કરાવે છે. તેઓ આમાંના કોઈ નિબંધપ્રકારમાં નિત્ય લખતા રહ્યા હોય એવું નથી અને તેથી જ જરા જૂદો રસ અને લખતી વેળા ભાષાનો આવેશ ભળેલો જણાશે. આ નિબંધોમાં તેમના વિધવિધ રસદષ્ટિનાં આલેખન, નિરીક્ષણ મળશે. પહેલો જ નિબંધ 'ઓળખીતી ' માં પૂરણપોળી-વેડમી નિમિત્તે હળવાશ સાથે અંગત સ્મૃતિસભર વેડમીકથા લખી છે. વેડમી કેવી કેવી રીતે બનતી, પીરસાતી અને બ્રાહ્મણોમાં તે કેવી કેવી રીતે ખવાતી તેની વાત વાચકોને સ્મૃતિલોકમાં ઝબોળશે.



**પુસ્તકઃ** વર્ષા પારિજાતની
**લેખકઃ** ડંકેશ ઓઝા
**પ્રકાશકઃ** ગુર્જર પ્રકાશન, ૨૦૨ તિલકરાજ, પંચવટી, પરિમલ લોન, અમદાવાદ-૩૮૦૦૦૬
**કિંમત-**રૂ. ૧૮૦/-

એ જ રીતે બીજા નિબંધમાં વળી ચા સાથે સ્મૃતિઓ ભળી છે ને તેમાં તેઓ સચિવાલયમાં નોકરી કરતા ત્યારની કેન્ટીન ચાથી માંડી બીજા ચા રસિયાઓની વાત થઈ છે.

તેમાં વળી જ્યોતિર્મય બસ જેવા માર્ક્સવાદી સામ્યવાદી નેતાનો વ્યવસાય ટી-ટેસ્ટરનો હતો એવી વિગત પણ આવી ચડે. આ નિબંધ ચાની લારી - દુકાનવાળા મઢાવીને રાખે તો ધંધો વધી શકે એવો મસ્ત છે. ડંકેશ ઓઝા સ્મરણે ચડ્યા હોય ત્યારે તેમને તેમનું શુકલતીર્થ ઘણું યાદ આવે અને આપણને હીંચકે ઝુલાવે. આ પુસ્તકમાં 11 જેટલા લલિતનિબંધ છે અને તેનું રસપાન વાચકને પ્રસન્ન કરશે.


**અક્ષરની આરાધના**
**સંપાદનઃ બકુલ ટેલર**

તેઓ નિયમિત પ્રવાસી નથી પણ અહીં જે ચાર પ્રવાસ નિબંધી છે. તેમાં પ્રવાસ સ્થળોમાં જે માણ્યું તે વિશે તો લખે પણ પ્રવાસસ્થળોમાં ધંધાદારી દષ્ટિએ સર્જેલી સમસ્યાને પણ લખે. માથેરાન પ્રવાસ તો સાહિત્યકાર મિત્રો સાથેનો હતો એટલે તેમાં સાહિત્યકારો વડે જે સર્જનાત્મક નિરીક્ષણો અને પ્રવાસને જોવાની રીતનો આનંદ ભળે તે પણ છે. બનારસ વિશેના બંને નિબંધો એ નગરની ઘણી વાત કરે છે અને સાથે જ બનારસ જે જે વ્યક્તિ, સંસ્થાને કારણે મહિમાવંત છે તેની સ્મૃતિ પણ ભળે છે. પણ છેલ્લે તેઓ જે કૃષ્ણમૂર્તિમાં અટકી જઈ ઘણું સ્વતંત્ર રીતે ઉમેરે છે ને ત્યારે પ્રવાસનિબંધની મર્યાદાનો ભંગ પણ થાય છે. પણ ડંકેશભાઈ છે, લખવાનું મન હોય તે લખે. આ ગ્રંથમાં 13 ચિંતનનિબંધો છે અને તે વાંચીને થશે કે આવા નિબંધ તેઓ વધારે લખે તોય ગમે. ચિંતનના કોઈ એક પ્રકારમાં રહી તેમણે લખ્યું નથી. ' તમે સુખી કોને કહો છો? 'માં આજકાલ સુખ વિશે થતા અનેક વિચારો વચ્ચે વ્યક્તિગત નિરીક્ષણથી નીપજેલો આ નિબંધ છે. ' તમે પોતાને સુખી ન માનો તો સુખી થઈ ન શકો ' જેવી ચિંતનકણિકા તમને આ નિબંધમાં મળશે. નિબંધમાં સુરેશ દલાલ, જે કૃષ્ણમૂર્તિના સંદર્ભો સાથે ચિંતન થયું છે અને મૂળ સૂર એ છે કે એકલા નહીં, બધા વચ્ચે રહો. મનુષ્ય માટે સમાજ વચ્ચે જીવવાનું શીખવું જરૂરી છે. ચિંતનના નિબંધોમાં આપણે જે જીવી રહ્યા છીએ તેના વ્યવહારો, વ્યવસ્થા અને સમગ્ર પરિવેશ સાથેની આપ-લેનો સંદર્ભ રાખી ચિંતન થયું છે એટલે વાચક સાથે સીધો સંબંધ રચાયો છે. ડંકેશ ઓઝા તો આખા ગુજરાતમાં થતી રહેલી પ્રવૃત્તિના સજાગ નિરીક્ષક પણ રહ્યા છે એટલે આ નિબંધોમાં ગુજરાતનું સમાજજીવન પણ સમજાશે. રાજ્ય સરકારમાં ઉચ્ચ અધિકારીપદે રહેલા લેખક અહીં જાણે વાચકના હાથ સાથે હાથને, આંખ સાથે આંખને હૃદયતાલ મેળવી લખતાં જણાશે. તેઓ આવા પુસ્તક વધારે આપે તો મઝા પડે.

## બુક-લુક

### રેડિકલ હ્યુમેનિઝમ સમજવા માટે જરૂરી પુસ્તક

આજની પેઢીને વી.એમ. તારકુંડેનો પરિચય ન હશે. એખ સમય હતો દેશમાં રાજકીયક્ષેત્રે બૌદ્ધધિકો હતા અને તેમને



સત્તા મેળવવામાં સૌથી ઓછો રસ હતો. તારકુંડે તો મુંબઇ હાઇકોર્ટનાં ન્યાયમૂર્તિપદે ય રહેલા અને સુપ્રિમ કોર્ટમાં સિનીયર એડવોકેટ તરીકે ય પ્રેક્ટીસ કરી હતી. તેઓ રેડિકલ હ્યુમેનિઝમ તરીકે સતત કામ કરતા રહેલા અને જયપ્રકાશ નારાયણ જેવાના પણ સાથી હતા. પ્રા. દિનેશ શુક્લએ વી.એમ. તારકુંડેના 'રેડિકલ હ્યુમેનિઝમ સ્વાતંત્ર્ય અને લોકશાહીની ફિલસૂફી 'નો અનુવાદ કર્યો છે. આ પુસ્તક રેડિકલ હ્યુમેનિઝમને સમજવામાં ખૂબ મદદરૂપ થાય તેવું છે. આજના સમયમાં આવા પુસ્તકની ખાસ જરૂરિયાત છે. ચાર ખંડ અને 17 પ્રકરણોમાં લખાયેલા પુસ્તકની આ જોકે ત્રીજી આવૃત્તિ છે. અત્યારે તો લોકશાહીની વ્યાખ્યા જ સવાલોના ઘેરામાં છે ત્યારે આવા પુસ્તકની વધારે જરૂરિયાત છે. એમ.એન.રોય જેવા એ રેડિકલ હ્યુમેનિઝમનું તત્વજ્ઞાન સ્પષ્ટ કરેલુ તેને તારકુંડે વધારે સઘનભાવે આલેખે છે. રાજકારણમાં રસ ધરાવનારી નવી પેઢીએ આ પુસ્તક વાંચવું જોઈએ. દિનેશ શુક્લ સ્વયં રાજકીય ચિંતન માટે જાણીતા રહેલા રાજ્યશાસ્ત્ર વિભાગના રિડર હોવાથી પુસ્તક વધારે અધિકૃત અનુવાદ પામ્યું છે.

# અરે, લા.ઠા. જબરા અભિનેતા પણ હતા

***'વૃક્ષ', 'મનસુખલાલ મજીઠિયા', 'પીળું ગુલાબ અને હું', 'ખીચડી', 'બાથટમમાં માછલી', 'સ્વપ્નાક્ષરી' વગેરે નાટકો લખનારા લાભશંકર ઠાકર અભિનેતા પણ હતા. આ તેમણે જ લખ્યું છે તે વાંચો.***

**આ છે જીંદગી**

જેમાં મેં અભિનય કર્યો હોય, મુખ્યપાત્ર તરીકે, એવું નાટક તે 'બાથટબમાં માછલી'. કલ્પિત ડ્રોઈંગરૂમમાં વિધાઉટ પ્રોસ ભજવાયેલું આ નાટક એકાધિક સ્થળોએ ભજવાયું ત્યારે પ્રેક્ષકોના પ્રતિભાવથી મને નિરતિશય આનંદનો અનુભવ થતો. 'આકંઠ સાબરમતી' એ અમદાવાદ, વડોદરા અને તે સિવાયના અનેક સ્થળોએ આકંઠના પ્રયોગો મંચપ્રત્યક્ષ કર્યા હતા. વડોદરામાં તે ભજવાયું ત્યારે ચિત્રકાર મિત્ર રૂપે ખખ્ખર અને અન્ય કલાકાર મિત્રોએ તે માણ્યું. ભૂપેન મને પૂછેઃ લાભ, તું આવો જબરો અભિનેતા ક્યાંથી બની ગયો? 'દર્પણ'માં મારું નાટક જોઈને પ્રસન્ન થયેલા જશવંત ઠાકર મારાં આંગિકમ્ વાચિકમ્ થી રાજી થઈને કહે, રે તમે તો છૂપા રુસ્તમ છો! કલકત્તામાં મારી સાથે કલકત્તાના બે નાટકોને મેં ૨૪ કલાકમાં તૈયાર કર્યા અને મંચ પર અમે ભજવ્યું. હાસ્તો, પ્રેક્ષકોએ તે માણ્યું. હમારો ચૌધરીસાહેબ (શ્રી રઘુવીર ચૌધરી) આ સત્યની સાક્ષી પૂરાવશે. અમે નાટકો લઈને કલકત્તાના ગુજરાતી સમાજ પાસે એમના ખાસ નિમંત્રણથી હાજર થયા હતા. મેં 'મનસુખલાલ મજીઠિયા'ની પ્રત ત્યાં વાંચી હતી. રઘુવીરભાઈએ પણ એમનું નાટક વાંચ્યું હતું. પછીથી મારું આ નાટક કલકત્તામાં ભજવાયું હતું અને કલકત્તાવાસી શ્રી પ્રતિભા અગ્રવાલે તેનું હિન્દીમાં ટ્રાન્સલેશન કર્યું હતું જે ઈલાહાબાદના લોકભારતી પ્રકાશન 1982માં પ્રકાશિત કર્યું હતું.

# ઈબ્રાહીમ અલ્કાઝી દિગ્દર્શક નાટ્યગુરુ તરીકે બેમિસાલ હતા

ઈબ્રાહીમ અલ્કાઝીની હમણાં શતાબ્દી (18 ઓક્ટોબર 1925-4 ઓગસ્ટ-2020) ચાલી રહી છે. તેઓ ગ્રેટ દિગ્દર્શક હતા અને નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાનાં ડાયરેક્ટર તરીકે તો તેમણે કોર્સ ડિઝાઈન કરેલો અને અભિનય, દિગ્દર્શનની કળા સાથે સ્ટેજકાફ્ટ શીખવા પર તેમણે ભાર મુકેલો. મુંબઈ હતા ત્યારે જે અનેકને પ્રશિક્ષિત કરેલા તેમાં સત્યદેવ દુબે એક હતા પણ નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં રહી તેમણે વિજ્યા મહેતા, ઓમ શિવપુરી, નસીરુદ્દીન શાહ, ઓમ પુરી, પંકજ કપૂર, રતન શિયામ, મનોહર સીંઘ, ઉત્તરા બાવકર, સુરેખા સિકરી, અનંગ દેસાઈ, ભરત દવે જેવા અનેકને વડેલા જેમાંના ઘણા આજે લિજેન્ડ્સ સમા ગણાય છે. મુંબઈ, ગુજરાતની રંગભૂમિ પર કામ કરનારામાંથી બહુ ઓછા આવા ગુરુ પાસે પ્રશિક્ષણ પામ્યા છે એ જરા જુદી વાત.

આ ઈબ્રાહીમ અલકાઝીનું જીવનચરિત્ર 'ઈબ્રાહીમ અલકાઝીઃ હોલ્ડિંગ ટાઈમ કેપ્ટિવ', તેમની જ દીકરી અને વિખ્યાત દિગ્દર્શક અમાલ અલ્લાનાએ લખ્યું છે. આ ઉપરાંત હિન્દીમાં 'ઈબ્રાહીમ અલ્કાઝીઃ રંગમંચ કે યુગપુરુષ' નામનું સંપાદન અમિતાભ શ્રીવાસ્તવે કર્યું છે. રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય દ્વારા પ્રકાશિત આ સંપાદનમાં સ્વયં ઈબ્રાહીમ અલ્કાઝીનાં લખેલા ચાર લેખ ઉપરાંત તેમના વિદ્યાર્થી રહેલા એવા કેટલાક અને અન્ય રંગભૂમિના અભ્યાસીઓનાં લેખ છે. જેમાં અંજલા મહર્ષિ, અનુરાધા કપૂર, ઈલા અરુણ, ઉત્તરા બાવકર, કમલાકર, સોનટકકે, જયદેવ તનેજા, દેવેન્દ્ર રાજ અંકુર,



નાહિરા ઝહીર બબ્બર, પ્રયાગ શુક્લ, પ્રસન્ના, ભાનુભારતી, મોહન મહર્ષિ, ફૈસલ અલ્કાઝી જેવા નામો છે. કુલ 41 લેખ ઉપરાંત અલ્કાઝી દિગ્દર્શીત અભિનીત નાટકોની સૂચી- ઠેઠ 1943માં તેમણે 'મેકબેથ' નાટકમાં અભિનયથી આરંભ કરેલો અને શરૂમાં સેક્સપિયરનાં જ પાંચ નાટકો ઉપરાંત ઓસ્કાર વાઈલ્ડ, સાર્ગે, ચેખવ, ઈબ્સન, સ્ટિન્ડબર્ગ, એલિયટ વગેરેના નાટકો ભજવ્યા. તે વખતે તેઓ અંગ્રેજી નાટકો, અંગ્રેજીમાં જ ભજવતા હતા. 1946થી દિગ્દર્શન પણ શરૂ કર્યું અને જોતજોતામાં તેઓ અત્યંત પ્રભાવક દિગ્દર્શક તરીકે સ્થાન પામ્યા. તેમણે થિયેટર યુનિટની સ્થાપના કરી પછી તો દિગ્દર્શનની કળાને તેમણે અનેક પરિપેક્ષ્યથી નિખારી આપી. નેશનલ સ્કૂલ ઓફ

**પુસ્તકઃ** ઈબ્રાહીમ અલ્કાઝીઃ રંગમચ કે યુગ પુરુષ
**સંપાદકઃ** અમિતાભ શ્રીવાસ્તવ,
**પૃષ્ઠ સંખ્યાઃ** 370,
**પ્રકાશકઃ** રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય, બહાવલપુર હાઉસ, ભગવાનદાસ રોડ, નવી દિલ્હી-110001
**મૂલ્યઃ** રૂા. 350/-

ડ્રામામાં અધ્યક્ષ નિમાયા તે તો ભારતીય રંગભૂમિનાં મોટા પરિવર્તક સમય તરીકે ગણાવી શકાય. ત્યાં 'આષાઢ કા એક દિન' અને 'ગુડિયા ઘર' જેવા આરંભના નાટકો જ હિન્દી રંગભૂમિને રાષ્ટ્રય ગૌરવ બક્ષનારા બની ગયા. 'અંધાયુગ', 'તુગલક', 'સ્કન્દ ગુપ્ત' ઉપરાંત 'શાંકુતલમ', 'ઈડિયસ રેક્સ, 'કિંગ લિયર' 'હોરી' થી મોડી 'સુલતાન રઝિયા' જેવા અનેક નાટકો છે. 1996 સુધીનાં આ નાટકો તો જોયા હોય તે પામી શકે કે દિગ્દર્શન કલા કેટલી સજ્જતા, કેટલી દૃષ્ટિ, કેટલી ટેક્નિકલ ક્ષમતા, કેટલા અધ્યયન અને ઈતિહાસદૃષ્ટિના સંયોજનથી નાટક ભજવી શકાય.

આ સંપાદન અલ્કાઝી કઈ રીતે 'રંગમંચના યુગપુરુષ' છે તે અનેક અભ્યાસલેખો વડે આલેખાયું છે. એટલુ જ નહીં નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાનું એક આધુનિક નાટ્ય સંસ્થાન તરીકે કેવી રીતે નિર્માણ કર્યું તે પણ અહીં છે અને પ્રતિભા મતકરીના લેખ 'એક જીનિયસ, જેણે અમારી રંગ-દૃષ્ટિનો વિસ્તાર કર્યો લેખ તમને ખ્યાલ અપાવશે કે રંગભૂમિના જિનિયસ હોવું એટલું શું. મોહન મહર્ષિએ તેમને જિંદગીઓ બદલી દેનારા અધ્યાપક તરીકે ઓળખાવ્યા છે. આખા પુસ્તકને વાંચવું તે એક સભર કરી દેનારો અનુભવ છે. અલ્કાઝી પહેલાં શંભુ મિત્ર જેવા જરૂર હતા, બંગાળી, મરાઠી, ગુજરાતી રંગભૂમિ પર થોડા તેજસ્વી અભિનેતા-દિગ્દર્શક હતા પણ અલ્કાઝીને રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય વડે દેશભરથી આવેલા નાટ્યકાર્ય માટે ઉત્સુક પ્રતિભાને ઘડવાનું શક્ય બન્યું. આ સંપાદન એ રીતે ખૂબ જ મહત્ત્વનું છે. તમે તેમનું જીવનચરિત્ર વાંચો તે પહેલાં અથવા સાથે આ સંપાદન વાંચજો.

અત્યારે ભારતભરમાં નાટકની કળા જરા મંદ પડ્યાનું જણાય છે ત્યારે આ પ્રકારના સંપાદન કશુંક ઉત્તમ, વધારે સર્જનાત્મક કરવા ઈચ્છતા નાટ્યકર્મીને મદદ કરશે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### જંગલ રાજથી વિકાસ રાજ સુધી

આજે, ઉત્તર પ્રદેશ માત્ર વસ્તીના આધારે જ નહીં, પરંતુ વિકાસ, રોકાણ, ઉદ્યોગ, માળખાગત સુવિધાઓ અને આર્થિક પ્રગતિના કારણે દેશમાં એક અગ્રણી શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં છેલ્લા કેટલાક વર્ષોમાં વિકાસ પ્રોજેક્ટ્સમાં રાજ્યએ જે ઝડપી ગતિએ પ્રગતિ કરી છે તેણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યને એક નવી ઓળખ આપી છે. ઉત્તર પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે, સંરક્ષણ કોરિડોર જેવા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ ઝડપથી અમલમાં મૂકવામાં આવી રહ્યા છે. ઉન્નાવમાં સંરક્ષણ ઉત્પાદન કોરિડોર માટે આશરે 700 એકર જમીન અને ઔદ્યોગિક ક્લસ્ટર માટે 200 એકર જમીન ફાળવવામાં આવી છે. આનાથી સ્થાનિક સ્તરે રોજગારની નવી તકો ઊભી થશે અને યુવાનોને તેમના પોતાના જિલ્લાઓમાં રોજગાર શોધવાની શક્યતાઓ વધશે. સરકારનું માનવું છે કે ઉદ્યોગોના વિસ્તરણથી રાજ્યની અર્થવ્યવસ્થા મજબૂત થશે અને ઉત્તર પ્રદેશ દેશનું બીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ પ્રગતિને વેગ આપશે. ઉત્તર પ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર ફેરફારો જોવા મળ્યા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સતત કહ્યું છે કે રોકાણ અને વિકાસ માટે સલામત વાતાવરણ જરૂરી છે. આ જ કારણ છે કે રાજ્યમાં ગુના અને માફિયા પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. રોકાણકારોના વધતા રસને કારણે, ઉત્તર પ્રદેશને હજારો કરોડ રૂપિયાના રોકાણ દરખાસ્તો મળી છે, જે ભવિષ્યમાં મોટા પાયે રોજગાર સર્જન માટે આધાર પૂરો પાડશે.

**સુરત - કાંતિલાલ માંડોત**

### PPF સરળ ટ્રાન્સફર પ્રક્રિયાની અનિવાર્યતા

એક સમય એવો હતો કે જાહેર ભવિષ્ય નિધીનાં ખાતા પોસ્ટ ઓફિસ કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખાઓમાં જ ખોલાવી શકાતા હતા. બાદમાં બધી રાષ્ટ્રીયકૃત બેંકોમાં આ સુવિધા શરૂ થઈ. હવે કોઈ વ્યક્તિ પોસ્ટ ઓફિસ સાથે કે સ્ટેટ બેંકમાં અન્ય કોઈ વ્યવહાર નહીં કરતા હોય અને ફક્ત પીપીએફ ખાતું આ બે સંસ્થાઓમાં રાખેલું હોય અને તેને પોતાની અન્ય વ્યવહારોવાળી બેંકમાં તબદીલ કરવા ચાહે તો આ સંસ્થાઓ સાથનું ખાતું બંધ કરવી પડે છે અને ત્યાર બાદ જ પોતાની બેંકમાં પીપીએફ ખાતું ખોલી શકે છે. કોઈ પણ સરકારી યોજનાઓ માટેનું બેંકને મળતું ફંડ બેંક પાસે ધિરાણનાં હેતુથી રહેતું નથી પણ પોતાની કેન્દ્રીય કચેરી દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા ખાતે ટ્રાન્સફર થતું હોય છે અને જ્યારે ખાતા ધારકને સંપૂર્ણ કે આંશિક પેમેન્ટ કરવાનું હોય છે ત્યારે પણ પોતાની કેન્દ્રીય કચેરી દ્વારા રિઝર્વ બેંક પાસેથી મેળવવાનું હોય છે. જો પોસ્ટ ઓફિસ કે કોઈ પણ બેન્ક ફક્ત ખાતાનો રેકોર્ડ જ જાળવતી હોય તો આજનાં સમયમાં જ્યારે બધી બેંકો અરસ પરસ નેટ બેન્કિંગથી જોડાઈ હોય તો પીપીએફ ખાતાને આવી અરસ પરસ રેકોર્ડની ફેરબદલીની સુવિધા કેમ નહીં અને ફક્ત પીપીએફ એકાઉન્ટ હોય તો તેની વિગત આયકરનાં AIS માં કેમ નથી મોકલાતી તે પ્રશ્ન પણ થાય જ.

**સુરત - પિયુષ મહેતા**

### જળ એજ જીવન છે

પૃથ્વી પરના જળના સ્રોતોને ત્રણ ભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે (૧) વૃષ્ટિ જળ (૨) પૃષ્ઠ જળ (૩) ભૂમિગત જળ. આ પૈકી જળનો મુખ્ય સ્રોત તો વૃષ્ટિ જળ જ છે જેની સમસ્યાએ હાલ ગંભીર સ્વરૂપ લીધું છે. ૨૧ જૂને સૂર્યાઘાત કર્કવૃત્ત એટલે કે તેના ઉત્તરાયણના અંતિમ બિંદુ સુધી પહોંચે અને ભારત તેમજ તેના પાડોશી દેશોમાં હવાના હલકા દબાણની રચના કરી મોસમી પવનોને ખેંચી તે માધ્યમથી વરસાદ લાવે પણ હજુ સુધી વાતાવરણ સાફ-સુતરું હોવું આ અનાવૃષ્ટિના સંકેત છે એમ કહી શકાય કે હજુ ચોમાસાની શરૂઆત જ નથી થઈ અને તેના કારણે પૃષ્ઠ જળ ઘટવા લાગ્યાં છે અને ભૂમિગત જળની સપાટી નીચે ઉતરવા માંડી છે. મુંબઈ જેવા વધુ વસ્તીગીચતા ધરાવતા શહેરોમાં પાણીની અછત વર્તાવા માંડી છે, ત્યારે દરેક મોટા શહેરો અને ગામડાઓએ પણ પાણીના સદુપયોગ અંગે વહેલા જાગી જવાની જરૂર છે. કારણ કે વાતાવરણને જોતા અને જે સમાચારો મળે છે તે અધીન વાર્ષિક વરસાદનું પ્રમાણ ઓછું રહેવાની સંભાવના છે. સૌ જાણો છો કે 'જળ એજ જીવન છે' માટે ઉપલબ્ધ પાણીના જથ્થાનો ખૂબ સાવચેતી પૂર્વક ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. હાલ પ્રવર્તી રહેલા જળસંકટ સામે લડવા સૌએ ગંભીરતા દાખવવાની તાતી જરૂર છે. નહીં તો એ દિવસ દૂર નથી જ્યારે હજી આ સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરશે.

**તાપી - યોગેશકુમાર પટેલ**

### નીટ પરીક્ષા સંદર્ભે તંત્રનો ટેલિગ્રામ બંધનો મધપૂડો કોર્ટે અનામત રાખ્યો છે

આખા દેશમાં આ એક સાથે લેવાતી પરીક્ષા આ વર્ષની નીટ ઘણા વિદ્યાર્થીઓ માટે યમરાજ સાબિત થઈ છે.આ કાર્ય પદ્ધતિ ઊભી કરવાની બાંહેધરી સરકારે સ્વીકારવી જોઈએ. કારણ કે કેન્દ્ર સરકાર પરીક્ષાની નિર્ણય શક્તિ ગોઠવે છે. માટે કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ ઉઠી તે માટે આંદોલન કે ધરણા થયા છે. આ પરિસ્થિતિ ઉભી કરવાની મુખ્ય જવાબદારી નાગરિકોને ગણવા કે વિરોધપક્ષને ગણવા તે મૂર્ખતા ભર્યું કાર્ય છે. લોકશાહી વ્યવસ્થામાં ચૂંટાયેલા નેતાઓની કર્મ શ્રેણીથી આ પરિસ્થિતિ ઊભી થઈ છે. આવી ઘટનાનો વિરોધ કે ધરણા થાય તો સત્તા પક્ષના નેતાઓ તેવું કરનારને રાજકારણ અને વિરોધપક્ષના નેતાઓને રોટલા શેકવાનું કામ કરે છે. આવું બોલતા પહેલા પોતાના તંત્રની નિષ્ફળ હાલતનાં કારણે આ ઘટના ઊભી થઈ તે સમજવું પડશે. નીટ પરીક્ષા પહેલા ટેલિગ્રામ પ્રતિબંધ મુકવા પર દિલ્હી હાઈકોર્ટે ચુકાદો અનામત રાખ્યો અને કહ્યું 15 કરોડ ટેલિગ્રામ યુઝર્સનો હક તમે કઈ રીતે છીનવી શકો છો. જે વિદ્યાર્થીઓ નીટ પરીક્ષા માટે માનસિક તણાવમાં આવીને આત્મહત્યા કરી તે સર્વને હલકાઈમાં ગણવું કે શું સમજવું. આ સરળ રીતે ભ્રષ્ટાચારનો ભોગ સમજવું તેજ યથા યોગ્ય છે. અહીં કાચીડાના રૂપમાં બેઠેલા નેતાઓ કેવી રીતે સમજી કે માની શકે આ ભૂલ તંત્રની છે.

**સુરત - હરીશકુમાર ચૌધરી**

### ભારતીય ફાસ્ટ બોલર - રમાકાન્ત દેસાઈ

ટેસ્ટ કેપ નંબર 90 સાથે રમેલા 5 ' 4 ફીટની ઊંચાઈ ધરાવતા પણ એ સમયના ભારતના સૌથી ઝડપી બોલર જેમણે 1958 - 1959ની વેસ્ટ ઈન્ડીઝ સામેની પહેલી ટેસ્ટ શ્રેણીમાં વેસ્ટ ઈન્ડીઝના બેટ્સમેનો સામે બાઉન્સર્સનો મારો ચલાવ્યો હતો એ ટાઈની ઉપનામધારી ફાસ્ટ બોલર રમાકાન્ત દેસાઈનો જન્મ 20/6/1939ના દિવસે થયો હતો.1959 - 68 સુધીની તેમની કારકિર્દી દરમ્યાન 28 ટેસ્ટમાં 37 રનની સરેરાશ સાથે 74 વિકેટો,56 રનમાં 6 વિકટોના શ્રેષ્ઠ દેખાવ સાથે લીધી હતી. સર્વોચ્ચ 85 રનના સ્કોર સાથે કુલ 418 રન કર્યાં હતા.પ્રથમ કક્ષાની 150 મેચોમાં 24 રનની સરેરાશથી 468 વિકેટો,46 રનમાં 7 વિકેટોના શ્રેષ્ઠ પ્રદર્શન સાથે લીધી હતી.સર્વોચ્ચ 107 રન સાથે 2384 રન કર્યા હતા.તેમણે ઈંગ્લેન્ડનો પ્રવાસ 1959માં,વેસ્ટ ઈન્ડીઝ 1961 - 62માં,ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડનો પ્રવાસ 1967 - 68માં કર્યો હતો અને પાકિસ્તાનની 1960 - 61ની પ્રવાસી શ્રેણીમાં 21 વિકેટો લીધી હતી.લડાયક વ્રુત્તિ અને ઉમદા ખેલભાવનાનું પ્રદર્શન તેમણે ન્યૂઝીલેન્ડની ડુનેડિન ટેસ્ટમાં ભાંગેલા જડબા સાથે રમીને 57 રન કર્યા હતા તે છે.સિલેક્શન બોર્ડના ભૂતપૂર્વ ચેરમેન રમાકાન્ત દેસાઈનું 27/4/1998ના રોજ 59 વર્ષની ઉંમરે થયુ હતુ.હાલમાં ક્રિકેટરો લાખોમાં આળોટે છે પણ રમાકાન્ત દેસાઈની પાછલી જીંદગી આર્થિક રીતે એકદમ કંગાળ અવસ્થામાં વીતી હતી. દુર્ભાગ્યવશ તેમને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ કે તેમની સાથે રમ્યા હોય અને ખમતીધર હોય તેવા કોઈ ક્રિકેટરે મદદ કરી નહોતી.

**સુરત - સુરેન્દ્ર દલાલ**